મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૨૦-૦૧-૨૦૨૫
સોમવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૮૯
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧



ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે

Garvi Takat app
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં



કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367


## મહેસાણા રેલવે સ્ટેશનની ઓચિંતી મુલાકાત લેતા સાંસદ હરિભાઈ પટેલ

# મહેસાણા રેલવે સ્ટેશનને વધુ સુરક્ષિત બનાવવાની જરૂર : તમામ પ્લેટફોર્મ સીસીટીવીથી સજ્જ કરવા સાંસદ દ્વારા અપાઈ સૂચના






(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

પ્રજાના પ્રશ્ન અને અગવડની સતત ચિંતા કરતા મહેસાણા સાંસદ હરિભાઈ પટેલ દ્વારા સરકારી સેવા સાચા અર્થમાં પ્રજાભિમુખ બને તેની સતત ચિંતા થઈ રહી છે.સરકારી કચેરીઓ ખરા અર્થમાં પ્રજાભિમુખ બની છે કે નહીં?તે જાણવા સાંસદ હરિભાઈ પટેલ દ્વારા સરકારી સેવા અને કચેરીઓની ઓચિંતી મુલાકાતનો નિર્ણય લેવામાં આવ્યો છે.જેના ભાગરૂપે ઊંઝા મામલતદાર કચેરીની ઓચિંતી મુલાકાત બાદ હવે સાંસદે મહેસાણા રેલવે સ્ટેશનની ઓચિંતી મુલાકાત લીધી છે.આ મુલાકાત દરમિયાન મુસાફરોની સુરક્ષા બાબતે સાંસદે ચિંતા વ્યક્ત કરી હતી.એટલું જ નહીં ઉપસ્થિત રેલવેના અધિકારીઓને તમામ પ્લેટફોર્મ સીસીટીવીથી સજ્જ કરવા સૂચના અપાઈ હતી.તો આ ઓચિંતી મુલાકાત દરમિયાન સ્વચ્છતા બાબતે પણ ગંભીર ક્ષતિ જોવા મળી હતી.આ તમામ ક્ષતિઓના નિરાકરણ માટે સાંસદ દ્વારા સૂચના આપવામાં આવી છે.

દેશના યશસ્વી વડાપ્રધાન અને રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો સતત પ્રયાસ રહ્યો છે કે સરકારી સેવાઓ સાચા અર્થમાં પ્રજાને લાભકારી અને હિતકારી બને.રાજ્ય અને કેન્દ્ર સરકાર સતત આ બાબતે ચિંતિત છે.ત્યારે મહેસાણા સાંસદ દ્વારા સરકારી સેવાઓમાં રહેલી ક્ષતિઓ નિવારી શકાય તે માટે તમામ સરકારી કચેરીઓની ઓચિંતી મુલાકાતનો નિર્ણય લેવામાં આવ્યો છે.આ નિર્ણય અંતર્ગત મહેસાણા સાંસદ હરિભાઈ પટેલે પોતાના કાર્યકર્તાઓ સાથે મહેસાણા રેલવે સ્ટેશનની ઓચિંતી મુલાકાત કરી હતી.

આ મુલાકાત દરમિયાન સાંસદે રેલવે સ્ટેશનની સ્વચ્છતા બાબતે તેમજ મુસાફરોની સુરક્ષા બાબતે નારાજગી વ્યક્ત કરી હતી.સાંસદે મુસાફરી સાથે ચર્ચા કરી સુરક્ષા અને સેવા બાબતે તેમનો અભિગમ જાણવાનો પ્રયાસ કર્યો હતો.

તો બીજી તરફ રેલવે સ્ટેશન નવીનીકરણ કામગીરીનું પણ સાંસદે નિરીક્ષણ કર્યું હતું.જે કામગીરી દરમિયાન પડેલા ખાડા તાત્કાલિક પુરી દેવાની સાંસદે સૂચના આપી હતી.સાંસદે મહેસાણા રેલવે સ્ટેશન જુના પાર્કિંગ ખાતે કાર્યરત થયેલી ટીકીટ વિન્ડોની પણ મુલાકાત લઈ તેની કામગીરી અંગે માહિતી મેળવી હતી.તો બીજી તરફ રેલવે સ્ટેશનની નવીનીકરણ ની કામગીરીનું પણ યોગ્ય મોનિટરીગ કરવાની અને ટેન્ડરમાં દર્શાવ્યા મુજબ જ માલ સામાન ઉપયોગ કરવાની સૂચના આપવામાં આવી હતી.

સાંસદે રેલવે સ્ટેશનની સફાઈ મામલે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે,રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર જવાની સીડીઓમાં પણ પાનની પિચકારી જોવા મળી હતી.તો પ્લેટફોર્મ ઉપર પણ સ્વચ્છતાનો અભાવ જોવા મળ્યો હતો.સાથે સાથે મુસાફરોની સુરક્ષા બાબતે પણ કોઈ ખાસ વ્યવસ્થા નહિ હોવાની હકીકત ધ્યાન ઉપર આવતા ત્વરિત આ બાબતે પગલાં ભરવાની સાંસદે સૂચના આપી હતી.

બીજી તરફ મહેસાણા નગરપાલિકા હવે મહાનગરપાલિકા બની છે.તેમજ મહેસાણા ટુરિઝમ સર્કિટમાં સમાવિષ્ટ હોવાથી ઉપરાંત વડનગર,મોઢેરા,પાટણ જેવા સ્થળોએ આવતા મુસાફરો માટે મહેસાણા સેન્ટર હોવાથી લાંબા અંતરના મુસાફરોની વ્યવસ્થા અને રોકાણ માટે નિર્માણધીન બાંધકામમાં રેસ્ટ હાઉસનો સમાવેશ કરવાની પણ સૂચના આપવામાં આવી હતી.સાંસદની આ મુલાકાત વખતે મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યકર્તાઓ દ્વારા રેલવે સ્ટેશનની સુરક્ષા અને સ્વચ્છતા બાબતે સાંસદનું ધ્યાન દોરવામાં આવતા આ બાબતે જરૂરી સૂચન કરવામાં આવ્યા હતા.

### મહેસાણા ઉત્તર ગુજરાતની આર્થિક રાજધાની છે

**મહેસાણા ઉત્તર ગુજરાતની આર્થિક રાજધાની છે.આ કારણે મોટી સંખ્યામાં મુસાફરો મહેસાણા રેલવે સ્ટેશન ઉપરથી આવન જાવન કરે છે.આ સંજોગોમાં મુસાફરોના માલ સામાન અને મુસાફરોની સુરક્ષા જળવાય તે જરૂરી છે.મહેસાણા રેલવે સ્ટેશનના એક પણ પ્લેટફોર્મ ઉપર સીસીટીવી કેમેરા નથી.આ કારણે ગુનાહિત પ્રવુતિ થાય તેવા સંજોગોમાં આવી પ્રવુતિ કરનાર સુધી પહોંચવું મુશ્કેલ થઈ પડે છે.આવા સંજોગોમાં મહેસાણા રેલવે સ્ટેશનની સુરક્ષા વધારી તમામ પ્લેટફોર્મ સીસીટીવીથી સજ્જ કરવાની સૂચના અપાઈ હતી.**

### મહેસાણા રેલવે સ્ટેશનને સ્વચ્છ રાખવા કોન્ટ્રાક્ટ અપાયેલો છે

**મહેસાણા રેલવે સ્ટેશનને સ્વચ્છ રાખવા કોન્ટ્રાક્ટ અપાયેલો છે.આમ છતાં સાંસદની મુલાકાત દરમિયાન રેલવે સ્ટેશન ઉપર સ્વચ્છતાનો અભાવ જોવા મળ્યો હતો.પ્લેટફોર્મ ઉપર પણ ઠેર ઠેર ગંદકી જોવા મળી હતી અને ઠેક ઠેકાણે પાનની પિચકારીના દ્રશ્યો જોવા મળ્યા હતા.તો આ મુલાકાત વખતે મુસાફર સિવાયના શખ્સ પણ રેલવે સ્ટેશન પરિસરમાં ફરતા જોવા મળતા આ બાબતે કાર્યવાહી કરવાની અને સ્ટેશનને સ્વચ્છ રાખવાની સૂચના આપવામાં આવી હતી**

## પોતાનું એક્ટિવા લઈને પેટ્રોલપંપ તરફ જઈ રહ્યા હતા દરમિયાન

# પૂરઝડપે આવતાં ટ્રકની ટક્કરે મહેસાણા તાલુકાના મોટીદાઉ ગામના સુરજજી ઠાકોરનું કરૂણ મોત

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મહેસાણા તાલુકાના મોટી દઉં ગામના સુરજજી ઠાકોરનું ભાન્ડુ હાઈવે પર થયેલા ગમખ્વાર અકસ્માતમાં મોત નિપજ્યું છે. ૧૭ જાન્યુઆરીના રોજ સુરજજી ઠાકોર પોતાના એક્ટિવા (જી.૦૨.ફ્રદ્ર.૭૯૭૦) પર જીઓ પેટ્રોલ પંપ તરફ જઈ રહ્યા હતા. રોડ ક્રોસ કરતી વખતે પૂરઝડપે આવી રહેલા આઈવા ટ્રક **(GJ.24.X.8222)** એ તેમને ટક્કર મારી હતી.

અકસ્માતમાં સુરજજી એક્ટિવા સાથે આઈવાના ટાયર નીચે આવી જતાં તેમને માથા સહિત શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્ત સુરજજીને તાત્કાલિક સારવાર માટે લાયન્સ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

ત્યારબાદ વધુ સારવાર માટે તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું દુ?ખદ અવસાન થયું હતું.

મૃતકના ભાઈ સંદીપસિંહ ઠાકોરની ફરિયાદના આધારે પોલીસે આઈવા ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી વધુ તપાસ હાથ ધરી છે.



## એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા

# મહેસાણામાં સોસાયટીના કોમન પ્લોટમાં પાર્ક કરેલી ૧૫ લાખની કાર ૨૭ મિનિટમાં ચોરી કરીને બે તસ્કરો રફૂચક્કર

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મહેસાણા શહેરમાં તસ્કરોની હિંમત દિવસે-દિવસે વધી રહી છે. સોમનાથ રોડ પર આવેલા શિવકૃપા બંગ્લોઝમાં રહેતા અને કન્સ્ટ્રક્શનનું કામ કરતા ૩૩ વર્ષીય ભાવેન ભાખરીયાની ૧૫ લાખ રૂપિયાની થાર ગાડી તસ્કરો ચોરી કરી ફરાર થઈ ગયા છે. ૨૭ મિનિટમાં અંધારી રાતમાં ચોરી કરીને ૨ તસ્કરો ફરાર થઈ ગયા હતા.

સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેમાં સ્વિફ્ટ કારમાં આવેલા બે તસ્કરો સ્પષ્ટ દેખાય છે. આ ઘટના સંદર્ભે મહેસાણા શહેર એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે તસ્કરોને પકડવા માટે તપાસ શરૂ કરી છે.

ભાવેન ભાખરીયાએ ૧૭ જાન્યુઆરીની સાંજે પોતાની થાર ગાડી સોસાયટીના કોમન પ્લોટમાં પાર્ક કરી હતી. બીજા દિવસે સવારે જ્યારે તેઓ ગાડી લેવા ગયા ત્યારે ગાડી ગાયબ હતી. ઘરમાં લાગેલા સીસીટીવી ફૂટેજ તપાસતા જાણવા મળ્યું કે, ૧૮ જાન્યુઆરીની રાતના સાડા ૪ વાગ્યે સ્વિફ્ટ કારમાં આવેલા બે તસ્કરોએ સ્કોર્પિયો ગાડીના ટાયરમાં હથિયાર વડે ચેકા મારી, દરવાજો ખોલી થાર ગાડી ૫ વાગ્યે ચોરી કરી હતી.



ગત ૧૮મી જાન્યુઆરીની રાતના સાડા ચાર વાગ્યાના અરસામાં (૪-૩૩ વાગ્યે) એક સ્વિફ્ટ કારની સોસાયટીમાં એન્ટ્રી થાય છે. દરમિયાન બે એક મિનિટમાં એક શખસ કારમાંથી ઉતરે છે. ચાદર વીંટાળીને કારનો રાઉન્ડ મારીને એ થાર પાસે પહોંચે છે. બાદમાં તે અન્ય કાર પાસે પહોંચીને તેનો દરવાજો ખોલવા પ્રયાસ કરે છે. આ વચ્ચે એક કૂતરું સ્વિફ્ટ પાસે આવીને ભસવા લાગે છે અને થોડીવારમાં જતું રહે છે. દરમિયાન તે શખસ થારને ખોલવાનો પ્રયાસ કરતો હોય છે ત્યારે ગાડીના લાઈટ બ્લિંગ થવા લાગે છે, જોકે તેણે કંઈક કરતાં બ્લિંગિંગ બંધ જાય છે અને પાછું બ્લિંગિંગ ચાલુ બંધ થાય છે. દરમિયાન બીજા શખસ પણ સ્વિફ્ટમાંથી ઉતરી જાય છે. થારનો દરવાજો ખોલીને અંદર ઘૂસેલો શખસ સેલ મારે છે. કાર ચાલુ થતાં તેની હેડલાઈટ ચાલુ થાય છે. થોડી ચલાવે છે અને બ્રેક મારીને થારને રોકે છે. ત્યારે બહાર ઊભેલો શખસ દરવાજો ખોલીને સ્વિફ્ટમાં બેસી જાય છે અને કારને રિવર્સ લે છે. પછી તેમાંથી ઉતરીને ઊભો રહે છે. આ દરમિયાન પાંચ વાગવા ને ગણતરીની સેકન્ડ બાકી હોય છે ત્યારે થાર લઈને એક તસ્કર નીકળે છે. જ્યારે સ્વિફ્ટમાં બેસીને બીજો તસ્કર ફરાર થઈ જાય છે. ૫ વાગ્યા સુધી આ સમગ્ર ઘટનાક્રમ ૨૭-૦૨ મિનિટ ચાલે છે.

## પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રકમ સહિત કુલ રૂ.૯૭,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

# નંદાસણ પોલીસે પત્તા ટીચતા ૭ ખેલીઓને ઝડપી પાડ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

કડી તાલુકાના નંદાસણ પોલીસે લક્ષ્મીપુરા ગામની સીમમાં ઁદ્રયઝની બાજુમાં આવેલા બોર નજીકની ઓરડીમાંથી જુગાર રમતા સાત શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસ ઈન્સ્પેક્ટર ઓ.પી. સિસોદિયાને મળેલી બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો.

પોલીસે પંચોની હાજરીમાં કરેલી રેડમાં મહેન્દ્રભાઈ આત્મારામભાઈ પટેલ, શૈલેષકુમાર પ્રહલાદભાઈ પટેલ, વશરામજી વેલાજી ઠાકોર, રમેશભાઈ ભગાભાઈ પટેલ, રાજેશભાઈ અમૃતભાઈ પટેલ, રાજેશભાઈ પ્રહલાદભાઈ પટેલ અને શૈલેષભાઈ પુંજાભાઈ પટેલને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. આ તમામ આરોપીઓ લક્ષ્મીપુરા, કડીના રહેવાસી છે.

પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રકમ સહિત કુલ રૂ.૯૭,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને તેમને જેલ હવાલે કરવામાં આવ્યા છે.




# જેહાદી તત્ત્વોનો થઈ રહેલો પર્દાફાશ

છેલ્લા કેટલાક સમયથી રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) લગભગ દર અઠવાડિયે દેશના કોઈને કોઈ હિસ્સામાં છાપામારી કરીને શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરી રહી છે. તે ક્યારેક પીએફઆઈના આતંકીની ધરપકડ કરે છે, ક્યારેક કોઈ ઈસ્લામિક સ્ટેટ એટલે કે આઈએસ મોડ્યુલનો ભંડાફોડ કરે છે અને ક્યારેક અલકાયદાની ભારતીય ઉપમહાદ્વીપ શાખાના આતંકીઓને પકડે છે. તે ઉપરાંત પાકિસ્તાન અને બાંગ્લાદેશ આધારિત આતંકી સંગઠનોના સદસ્ય પણ તેના હાથે ઝડપાતા રહે છે. એનઆઈએ તરફથી તાજી ધરપકડ જબલપુરમાં કરવામાં આવી. અહીંથી છ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરવામાં આવી. તેના પહેલાં પણ એનઆઈએ અને મધ્ય પ્રદેશના આતંકવાદ નિરોધક ટીમ એટલે કે એટીએસએ ભોપાલ અને છિંદવાડામાં ૧૧ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ જ દિવસે એનઆઈએ અને તેલંગણાની આતંકવાદ નિરોધક ટીમે હૈદરાબાદમાંથી પાંચ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરી હતી. આ તમામ ૧૬ શંકાસ્પદો વિદેશી આતંકી સંગઠન હિજ્બ-ઉત-તહરીર સાથે જોડાયેલા છે. આ આતંકી સંગઠનનું નેટવર્ક ૫૦થી વધુ દેશોમાં ફેલાયેલું છે. જોકે એના પર ૧૬ દેશોમાં પ્રતિબંધ મૂકાઈ ચૂક્યો છે, પરંતુ દુનિયા પર ઈસ્લામી રાજ સ્થાપવાના તેના મનસૂબા હજુ અડગ છે! આ સંગઠન અન્ય દેશોની જેમ ભારતમાં પણ લોકતાંત્રિક શાસન પ્રણાલીને બદલે ઈસ્લામિક શરિયા લાવવા માંગે છે. મધ્ય પ્રદેશ એટીએસનું માનીએ તો તેના માટે હિજ્બ-ઉત-તહરીરે રાજ્યમાં ગુપચુપ રીતે પોતાની કેડર તૈયાર કરવાનું શરૂ કરી દીધું હતું અને તેણે એક આતંકી શિબિર પણ ચાલુ કરી હતી.

મધ્ય પ્રદેશ પહેલેથી આતંકીઓની ગતિવિધિઓનું કેન્દ્ર રહ્યું છે. જાતજાતના આતંકી સંગઠન કદાચ એટલા માટે મધ્ય પ્રદેશમાં આસાનીથી મૂળિયાં જમાવી લે છે, કારણ કે આ એક અન્ય આતંકી સંગઠન સિમી એટલે કે સ્ટુડન્ટ ઈસ્લામિક મૂવમેન્ટ ઓફ ઈન્ડિયાનો ગઢ રહ્યું છે. તે ઉપરાંત મધ્ય પ્રદેશ પ્રતિબંધિત આતંકી સંગઠન પીએફઆઈની ગતિવિધિઓનું પણ કેન્દ્ર રહ્યું છે. મધ્ય પ્રદેશથી જ્યારે ત્યારે સિમી અને પીએફઆઈના આતંકીની ધરપકડ કરાતી રહી છે. વાસ્તવમાં પીએફઆઈની સક્રિયતા માત્ર મધ્ય પ્રદેશમાં જ નહીં, આખા દેશમાં છે. તે દક્ષિણ ભારતમાં પણ એટલું જ સક્રિય છે જેટલું ઉત્તર ભારતમાં. એના પર પ્રતિબંધ લગાવી દેવાયો છે, પરંતુ તેના આતંકીઓ આતંકી ઘટનાઓને અંજામ આપવાની કોશિશ કરતા જ રહે છે. આ જ ક્રમમાં તેઓની ધરપકડ પણ થતી રહે છે, પરંતુ એવું લાગે છે કે તેમના દુસ્સાહસમાં ઓટ નથી આવતી.

એ સાચું કે એનઆઈએ જાતજાતના આતંકી સંગઠનો પર નજર રાખી રહ્યું છે અને હંમેશાં તેમના સદસ્યોની ધરપકડ પણ કરતી રહે છે, પરંતુ જે રીતે નવા-નવા આતંકી સંગઠનો માથું ઊંચકતા રહે છે, તેનાથી એવું જ લાગે છે કે ભારતમાં સક્રિય જેહાદી તાકાતો પર દેશમાં ઈસ્લામી રાજ સ્થાપવાનું ઝનૂન એવી જ રીતે સવાર છે જેવું પાકિસ્તાનના જેહાદી તત્ત્વો અને આતંકી સંગઠનો પર. પાકિસ્તાનના જેહાદી અને કટ્ટરપંથી તત્ત્વોના સનેપાત પાછળ એક નિતાંત ખોટું અર્થઘટન છે, જે કથિત રૂપે ગજવા-એ-હિંદની વાત કરે છે. એ માનવાનાં ઘણાં કારણો છે કે પાકિસ્તાનની જેમ ભારતમાં પણ ગજવા-એ-હિંદનું સપનું જોનારા જેહાદી તત્ત્વોની અછત નથી. સામાન્ય રીતે એવું સપનું જોવા કે પછી આખી દુનિયામાં ઈસ્લામી રાજ સ્થાપવાનો સનેપાત રાખનારા કોઈને કોઈ આતંકી સંગઠનના સદસ્ય બને છે. કટ્ટરપંથી અને જેહાદી માનસિકતાવાળા કઈ રીતે ગજવા-એ-હિંદના સનેપાતથી ગ્રસ્ત છે, તેની જાણ થોડા સમય પહેલાં બિહારના ફુલવારી શરીફથી પીએફઆઈના આતંકીઓની ધરપકડથી થઈ હતી. તેમની પાસેથી ૨૦૪૭ સુધી ભારતને ઈસ્લામી દેશ બનાવવાના દસ્તાવેજ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત ધરપકડ કરાયેલા આતંકી ગજવા-એ-હિંદ નામના એક વોટ્સએપ ગ્રુપ સાથે જોડાયેલા હતા, જેનો એડમિન પાકિસ્તાનનો ફૈજાન નામનો વ્યક્તિ હતો. ૨૧મી સદીના આ યુગમાં કોઈ પાગલ વ્યક્તિ જ ગજવા-એ-હિંદ જેવી વાહિયાત વાત પર વિશ્વાસ કરી શકે, પરંતુ કટ્ટર માનસિકતા ગમે તે કરાવી શકે છે. પીએફઆઈ, આઈએસ, અલકાયદા જેવા આતંકી સંગઠન આ જ સનેપાતનો શિકાર છે કે આખી દુનિયામાં ઈસ્લામી રાજ સ્થાપવાની જરૂર છે. આ જ રીતનું ઝનૂની સંગઠન હિજ્બ-ઉત-તહરીર છે. એવા સંગઠન છળકપટથી ધર્માંતરણ કરાવવાનું પણ કામ કરાવે છે, કંઈક એવી જ રીતે જેમ ફિલ્મ કેરલ સ્ટોરીમાં બતાવ્યું છે. સ્પષ્ટ છે કે આ એક કાલ્પનિક ફિલ્મ તો નથી જ, જેવું કે એ લોકો દાવો કરી રહ્યા છે જેમને આ ફિલ્મ ગમતી નથી.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# ઉત્તર ગુજરાતની ધરતી પર નિર્માણ પામશે મા ખોડલનું ધામ

# આંગણે આવ્યો રૂડો અવસર:આગામી ૨૧ જાન્યુઆરીએ શ્રી ખોડલધામ સંડેરનો શિલાપૂજન સમારોહ યોજાશે

## ચેરમેનશ્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાશે શિલાપૂજન સમારોહ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

૨૧ જાન્યુઆરી એટલે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ માટે ઐતિહાસિક અને અવિસ્મરણીય દિવસ.. આગામી તારીખ ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ કાગવડ સ્થિત શ્રી ખોડલધામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને ૮ વર્ષ પૂર્ણ થઈને નવમા વર્ષમાં પ્રવેશ થઈ રહ્યો છે ત્યારે આ પાવન દિવસે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા વધુ એક ઐતિહાસિક ઘડીની ઉજવણી કરવામાં આવશે. ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ ને મંગળવારના રોજ શ્રી ખોડલધામ ઉત્તર ગુજરાત (સંડેર)ના ૧૦૦૮ શિલાપૂજન સમારોહનું દિવ્ય અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા પાટણ જિલ્લાના સંડેર ગામ પાસે વિશાળ જગ્યામાં શ્રી ખોડલધામ ઉત્તર ગુજરાતના સંકુલનું નિર્માણ થવા જઈ રહ્યું છે. ત્યારે આ સંકુલનો ભવ્યાતિભવ્ય શિલાપૂજન સમારોહ યોજાશે. ૨૧ જાન્યુઆરી ને મંગળવારના રોજ સવારે ૭ વાગ્યાથી શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં ૧૦૦૮ યજમાન પરિવારો દ્વારા



### શિલાપૂજન સમારોહનું રૂબરૂ આમંત્રણ આપવા મા ખોડલનો રથનું ૨૮ દિવસ પરિભ્રમણ

**શ્રી ખોડલધામ ઉત્તર ગુજરાત (સંડેર)ના ૧૦૦૮ શિલાપૂજન સમારોહનું રૂબરૂ આમંત્રણ આપવા માટે મા ખોડલનો રથ ઉત્તર ગુજરાતના અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર, પાટણ, બનાસકાંઠા અનેમહેસાણા જિલ્લામાં ફર્યો હતો. તારીખ ૧૫ ડિસેમ્બરના રોજ અરવલ્લી જિલ્લાના ભુડાસણ ગામે રથ પરિભ્રમણનો પ્રારંભ થયો હતો અને ૧૨ જાન્યુઆરીના રોજ મહેસાણા જિલ્લાના ફિંચડી ગામે રથ પરિભ્રમણનું સમાપન થયું હતું. આમ કુલ ૨૮ દિવસમાં મા ખોડલનો રથ ૨૫૦થી વધુ ગામડા અને શહેરી વિસ્તારમાં ૩ હજારથી વધુ કિલોમીટર ફર્યો હતો. ગામડે ગામડે અને સોસાયટી સોસાયટીમાં મા ખોડલના રથના સૌએ વધામણા કર્યા હતા અને આરતી કરી હતી. સાથે જ દરેક ગામમાંથી એક-એક શિલા લેવામાં આવી હતી. આ શિલાનો ઉપયોગ શ્રી ખોડલધામ ઉત્તર ગુજરાત (સંડેર) સંકુલના નિર્માણ કાર્યમાં કરવામાં આવશે.**

૧૦૦૮ શિલાઓનું પૂજન કરવામાં આવશે. હિંદુ શાસ્ત્રોક્ત વિધિથી શાસ્ત્રીમહેતા પ્રદ્યુમ્ન પ્રહલાદજી (લાલાભાઈ) દ્વારા શિલાપૂજન વિધિ કરાવવામાં આવશે. શિલાપૂજન વિધિમાં ઉપયોગમાં લેવાયેલ માતાજીની પ્રતિમા, બાજોઠ, પૂજાની થાળી, અબીલ, ગુલાલ, કંકુ, ચોખા, નાડાછડી, સોપારી, આચમની અને આસન સહિતની વસ્તુઓ યજમાન પરિવારને ભેટ સ્વરૂપે આપવામાં આવશે જેથી તેઓ આજીવન આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યાની યાદગીરી રાખીને ધન્યતા અનુભવી શકે.

આ શિલાપૂજન સમારોહમાં ઠેર-ઠેરથી ભાવિકો પધારશે. જેના માટે ટ્રસ્ટ દ્વારા તમામ પ્રકારની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. શિલાપૂજન સમારોહમાં પધારનાર ટ્રસ્ટીશ્રીઓ, દાતાશ્રીઓ, સંગઠન ટીમ, યજમાનશ્રીઓ, તેમના પરિવારજનો, ભાવિકો સહિતના તમામ લોકો માટે યોગ્ય બેઠક વ્યવસ્થા રાખવામાં આવી છે. સાથે જ કાર્યક્રમ પૂર્ણ થયે ભોજન પ્રસાદની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

# PM કિસાન યોજનામાં ગુજરાતના ખેડૂતોએ બનાવ્યો રેકોર્ડ, ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે આવ્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પર ખેડૂતોની નોંધણીમાં ગુજરાત દેશમાં પ્રથમ... રાજ્યમાં ૬૬ લાખ ખેડૂતોના લક્ષ્યાંક સામે ૩૩ લાખથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ... લક્ષ્યાંક સામે ૫૦ ટકા નોંધણી પૂર્ણ થતા ભારત સરકાર તરફથી ગુજરાતને મળશે રૂ. ૧૨૩.૭૫ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ... ખેડૂતોની નોંધણીમાં નવસારી, ડાંગ અને જૂનાગઢ જિલ્લો અગ્રેસર; જિલ્લામાં ક્રમશઃ ૭૪ ટકા, ૭૧ ટકા અને ૬૬ ટકા નોંધણી પૂર્ણ

**PM કિસાન યોજનામાં ગુજરાતના ખેડૂતોએ બનાવ્યો રેકોર્ડ, ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે આવ્યું**

છર્ણ્નૅષ્ક્રિૅૹ્રીૅ દ્વીજ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી દેશના દરેક ખેડૂતને હવે એક આગવી ઓળખ મળશે. એક વિશેષ પહેલના ભાગરૂપે ગુજરાતમાં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખેડૂત ખાતેદારના લેંડ રેકર્ડને યુનિક આઈ.ડી સાથે લીંક કરવા માટે ગત તા. ૧૫ ઓક્ટોબરથી ફાર્મર રજીસ્ટ્રી શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં



પી.એમ. કિસાન યોજનાના ૬૬ લાખ જેટલા ખેડૂત લાભાર્થીઓની ફાર્મર રજીસ્ટ્રી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. જેની સામે અત્યાર સુધીમાં રાજ્યના ૩૩ લાખથી વધુ ખેડૂતો એટલે કે, ૫૦ ટકાથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ થઈ છે. ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પર ખેડૂતોની નોંધણીમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ છે. ગુજરાતે દેશમાં સૌપ્રથમ ૫૦ ટકા ખેડૂતોની નોંધણી પૂર્ણ કરતા ભારત સરકાર તરફથી "સ્પેશિયલ સેન્ટ્રલ આસીસ્ટન્સ' તરીકે રૂ. ૧૨૩.૭૫ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવશે. અગાઉ પણ ગુજરાતને ૨૫ ટકા ખેડૂતોની નોંધણી પૂર્ણ કરતા ભારત સરકાર તરફથી રૂ. ૮૨ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આ પ્રોત્સાહક ગ્રાન્ટનો ઉપયોગ ગુજરાતના વિવિધ ખેડૂત હિતલક્ષી પ્રોજેક્ટમાં કરવામાં આવશે.

રાજ્ય સરકારના પ્રયાસો થકી ફાર્મર રજીસ્ટ્રી વધુ વેગવાન બની છે. ફાર્મર રજીસ્ટ્રી હેઠળ ખેડૂતોની નોંધણીમાં ૭૪ ટકા કામગીરી સાથે નવસારી જિલ્લો ગુજરાતમાં પ્રથમ ક્રમે છે. જ્યારે, ૭૧ ટકા નોંધણી સાથે ડાંગ જિલ્લો બીજા ક્રમે અને ૬૬ ટકા નોંધણી સાથે જૂનાગઢ જિલ્લો રાજ્યમાં ત્રીજા ક્રમે છે. આ ઉપરાંત સુરત અને ભરૂચ જિલ્લામાં પણ ૬૩-૬૩ ટકા ખેડૂત નોંધણી પૂર્ણ થઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ફાર્મર રજીસ્ટ્રી હેઠળ દરેક ખેડૂતને આધાર આઈ.ડી.ની જેમ એક ૧૧ ડિજિટની યુનિક ફાર્મર આઈ.ડી આપવામાં આવશે, જેમાં ખેડૂતોની જમીન સહિતની વિવિધ વિગતો ઉપલબ્ધ રહેશે. આ આઈ.ડી.ના માધ્યમથી ખેડૂતોને રાજ્ય તથા કેન્દ્ર સરકારની વિવિધ હિતલક્ષી યોજનાઓનો લાભ સરળતાથી, પારદર્શકતાપૂર્વક અને સમયસર મળશે. ભારત સરકારની સૂચના અનુસાર ગુજરાતમાં ફાર્મર રજીસ્ટ્રી આગામી તા. ૨૫-૦૩-૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## છેલ્લા નવ મહિનામાં ૯૦,૦૦૦ જેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી

# ગાંધીનગરમાં શાળા આરોગ્ય તપાસમાં ૧૫૭ બાળકોમાં હૃદયની બીમારી મળી, કિડની-કેન્સરના દર્દીઓ પણ મળ્યા

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૯

ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી દરમિયાન ચિંતાજનક આંકડા સામે આવ્યા છે. કોર્પોરેશન અને જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવેલી તપાસણીમાં ૧૫૭ બાળકોમાં હૃદયની બીમારી મળી આવી છે. કોર્પોરેશન વિસ્તારમાંથી ૩૪ અને ગ્રામ્ય વિસ્તારોમાંથી ૧૧૯ બાળકોમાં હૃદયની સમસ્યા જોવા મળી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા છેલ્લા નવ મહિનામાં ૯૦,૦૦૦ જેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી, જ્યારે જિલ્લા પંચાયત દ્વારા ૨૦૨૪માં પોણા બે લાખથી વધુ બાળકોની તપાસ



કરવામાં આવી હતી. આ તપાસણી દરમિયાન હૃદયરોગ ઉપરાંત ૨૬ બાળકોમાં કિડનીની બીમારી અને ૧૭ બાળકોમાં કેન્સર શોધાયું છે.

વિશેષ ચિંતાનો વિષય એ છે કે, વિશ્વ આરોગ્ય સંગઠન મુજબ, વિશ્વભરમાં દર વર્ષે થતા મૃત્યુમાં ૩૨% મૃત્યુ કાર્ડિયોવેસ્ક્યુલર રોગને કારણે થાય છે. હવે માત્ર વૃદ્ધો જ નહીં, પરંતુ યુવાનો અને બાળકોમાં પણ હૃદયરોગના કેસો વધી રહ્યા છે.

તંત્ર દ્વારા ગંભીર બીમારી ધરાવતા ૨૦૪ બાળકો માટે સુપર સ્પેશ્યાલિસ્ટ સારવારની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પૈકી હૃદયરોગના ૭ બાળકો, જન્મજાત ખોડખાંપણના ૬ બાળકો અને કેન્સરના ૧ બાળકની સફળ સર્જરી કરવામાં આવી છે. આ આંકડા દર્શાવે છે કે બાળકોના આરોગ્યની નિયમિત તપાસણી અને સમયસર સારવાર અત્યંત મહત્વપૂર્ણ છે.

# ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ**આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે વ્યવસાયની બાબતમાં કોઈ વિશેષ ડીલને અંતિમ સ્વરૂપ આપી શકો છો. આ દિવસે તમે શારીરિક સુવિધાઓ માટે ખર્ચ કરશો અને તમારા પૈસા પણ વધુ વધશે.

**વૃષભઃ**આજે તમને શુભ ફળ મળશે અને વ્યવસાયમાં જોખમ લેવાથી આજે લાભ થઈ શકે છે. જૂના રોકાણોથી પણ આજે ફાયદો થઈ શકે છે. ધૈર્ય અને હળવા વર્તનથી સમસ્યાઓ સુધારજો.

**મિથુનઃ**આજનો દિવસ ખૂબ વ્યસ્ત છે, પરંતુ ધર્મ, આધ્યાત્મિકતા અને શિક્ષણની બાબતોમાં થોડો સમય આપશો. વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ લાવવાની કોશિશ કરશે.

**કર્કઃ**આજનો દિવસ તમને ખૂબ સારા પરિણામ આપવા જઈ રહ્યો છે અને તમે જે કામ સમર્પણ સાથે કરો છો તેમાં તમને પૂર્ણ સફળતા મળશે. ઓફિસમાં તમારું મૈત્રીપૂર્ણ વાતાવરણ સર્જાશે અને તમારા સાથીઓ પણ સહયોગ કરશે.

**સિંહઃ**આજનો દિવસ તમારા માટે ફાયદાકારક છે અને આજે અટકેલા પૈસા મળવાની સંભાવના છે. કાર્ય વર્તન સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

**કન્યાઃ**આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપી રહ્યો છે અને તમને ભાગ્યનો પૂરો સહયોગ મળશે. તમારું યોજનાઓમાં ધ્યાનમાં લાગશે. આજે કોઈ કેસ સંબંધિત કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે.

**તુલાઃ**આજીવિકાની દ્રષ્ટિએ આજનો દિવસ ખૂબ જ મજબૂત છે. દિવસભર લાભ મળશે અને નોકરી મેળવનારાઓને સારી આવક મળવાની અપેક્ષા છે. પરિવાર સુખ અને શાંતિનો આનંદ માણશે અને ભાઈ-બહેનો સાથે આનંદ કરશો.

**વૃશ્ચિકઃ**આજનો દિવસ સારો પરિણામ આપવા જઈ રહ્યો છે. રચનાત્મક કાર્યોમાં સામેલ લોકોને સફળતા મળશે અને ભાગ્યની સહાયથી અધૂરા કાર્યો પૂરા થતાં જોવામાં આવશે. તમે જે કામ સૌથી વધુ પસંદ કરો છો તે આજે થશે.

**ધનુઃ**આજનો દિવસ સામાન્ય છે અને રોમેન્ટિક સંબંધ સમરસતા સ્થાપિત કરશે. ભાગીદારીમાં આજે થયેલ કાર્ય શુભ ફળ આપશે અને રોકાણમાં લાભ મળશે. આજે તમારા ધંધામાં નફો નોંધપાત્ર વધશે.

**મકરઃ**આજે તમારે પરસ્પર વાટાઘાટોમાં સંયમ અને સાવધાની રાખવાની જરૂર છે. ખાતરી રાખો કે તમારી આસપાસના લોકો સાથે કોઈ વિરોધાભાસ નથી. વાણી પર નિયંત્રણ રાખો અને ક્રોધને કાબૂમાં રાખો.

**કુંભઃ**આજે તમારા માટે થોડો પડકાર રહી શકે છે. સાવચેત અને જાગૃત રહેવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. રોજિંદા કામ ઉપરાંત, તમે કંઈક નવું કરવાનો પ્રયત્ન કરશો તો ફાયદાકારક રહેશે. કોઈ અંગત માટે કેટલાક પૈસાની વ્યવસ્થા કરવી પડી શકે છે.

**મીનઃ**આજનો દિવસ થોડો સાવધ રહેવાનો છે અને તમારા સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પણ થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. નહીં તો તમારું નુકસાન થઈ શકે છે. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

# ફિલ્મી ગપશપ

## સૈફ પર હુમલાની ૧૬ જાન્યુઆરીની રાત્રીનું દરેક સત્ય, આરોપીએ કહ્યું- ઈરાદો માત્ર ચોરી કરવાનો હતો

બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાન પર હુમલાના આરોપીની ધરપકડ કરવામાં આવી છે. તે એક હાઉસકીપિંગ ફર્મમાં કામ કરતો હતો. હુમલાખોર વિશે અન્ય ચોંકાવનારી માહિતી પણ બહાર આવી છે. તે પહેલા પણ સૈફ અને કરીનાના ઘરે ગયો હતો. પરંતુ હુમલાની રાત્રે તે એક્ટરના ઘરમાં કેવી રીતે ઘુસ્યો અને તેણે સૈફ પર છરીથી હુમલો કેમ કર્યો? આ અંગે નવી માહિતી પ્રકાશમાં આવી છે.

મળતી માહિતી મુજબ, સૈફ અલી ખાનના ઘરમાં ઘૂસીને હુમલો કરનાર આરોપી મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહજાદ એક હાઉસકીપિંગ ફર્મમાં કામ કરતો હતો. સૈફ પોતાના હાઉસ હેલ્પરની મદદથી ક્યારેક ઘરની સફાઈ કરવા માટે હાઉસકીપિંગ ફર્મ દ્વારા કેટલાક લોકોને બોલાવતો હતો. આ દરમિયાન, આરોપી મોહમ્મદ શહજાદ પહેલા પણ સૈફના ઘરે આવી ગયો હતો. મુંબઈ પોલીસનું કહેવું છે કે આરોપી ૫-૬ મહિના પહેલા જ મુંબઈ આવ્યો હતો. તે અહીં એક હાઉસકીપિંગ કંપનીમાં કામ કરતો હતો.કદાચ તેનો ઈરાદો ઘરમાં ઘૂસીને ચોરી કરવાનો હતો કે બીજો કોઈ. હવે સત્ય શું છે, તે તપાસ બાદ જ સ્પષ્ટ થશે.માહિતી સામે આવી છે કે ૧૬ જાન્યુઆરીની રાત્રે, જ્યારે હુમલાખોર મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહજાદે જોયું કે બિલ્ડિંગનો સુરક્ષા ગાર્ડ સૂઈ રહ્યો છે, ત્યારે તે ઈમારતના ૧૧મા માળે પહોંચી ગયો. ત્યાં આરોપી ડક્ટ શાફ્ટમાં પ્રવેશ્યો અને ત્યાંથી તે સૈફ અને કરીનાના ઘરમાં પ્રવેશ્યો. પછી આરોપી ડક્ટ દ્વારા સૈફ અને કરીનાના બાળકોના રૂમની નજીક પહોંચ્યો. ઘરમાં પ્રવેશ્યા પછી, તે બાથરૂમમાં છુપાઈ ગયો.પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, હુમલાખોર મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહજાદ પહેલા વરલીમાં રહેતો હતો. ઘટનાના દિવસે તે ટ્રેન દ્વારા થાણે ગયો હતો. થાણેમાં એક બાઈકર તેને લેવા આવ્યો. બાઈકના નંબરની મદદથી, પોલીસ તેને શોધી શકી અને પછી પોલીસે થાણેમાં હિરાનંદાની એસ્ટેટ નજીક લેબર કેમ્પ નજીક ઝાડીઓમાંથી આરોપીને પકડી લીધો.પહેલા એવું કહેવામાં આવી રહ્યું હતું કે આરોપી પશ્ચિમ બંગાળનો રહેવાસી છે. પરંતુ હવે પોલીસનું કહેવું છે કે સૈફ અલી ખાન પર હુમલો કરવાનો મુખ્ય આરોપી બાંગ્લાદેશનો રહેવાસી હોઈ શકે છે. આરોપી પાસેથી કોઈ ઓળખપત્ર મળ્યું નથી. ડીસીપી દીક્ષિત ગેડામે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું છે કે આરોપી પાસેથી કોઈ માન્ય ભારતીય દસ્તાવેજ મળ્યો નથી. તેથી, પોલીસે તેની સામે પાસપોર્ટ એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધ્યો છે. આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે.આરોપી શહજાદે પૂછપરછ દરમિયાન પોલીસને જણાવ્યું હતું કે તેને ખબર નહોતી કે તે સૈફ અલી ખાનના ઘરમાં પ્રવેશી રહ્યો છે. આરોપીએ કહ્યું કે તેનો ઈરાદો ફક્ત ચોરી કરવાનો હતો અને તેથી જ તે ઘરમાં પ્રવેશ્યો. અચાનક સૈફ અલી ખાન તેની સામે દેખાયો અને તેણે અભિનેતા પર છરીથી અનેક વાર હુમલો કર્યો, જેના કારણે તે ઘાયલ થયો.મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. પોલીસ મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહજાદ વિશે વધુ માહિતી એકઠી કરી રહી છે અને જો તે બાંગ્લાદેશી નાગરિક છે તો તે ગેરકાયદેસર રીતે ભારતમાં કેવી રીતે પ્રવેશ્યો તે જાણવાનો પ્રયાસ કરી રહી છે.

## ‘પુરી વાત કહેવા દેતા ન હોવાના’ મામલે ઉગ્ર દલીલબાજી

# ગુજરાત હાઈકોર્ટનાં ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ તથા વકિલ મંડળ પ્રમુખ ત્રિવેદી વચ્ચે ચાલુ કોર્ટમાં શાબ્દિક ટપાટપી

**ત્રિવેદીએ લોર્ડ ફ્રાંન્સીસ બેકનનું વાકય ટાંકયુ : ચીફ જસ્ટીસના કોર્ટની સીલીંગ તરફ જોવા પર વાંધો લીધો**

**કોર્ટ સામે આંગળી ચિંધીને વાત કરવા સામે ચીફ જસ્ટીસે વકીલને ટકોર કરીઃ ત્રિવેદી કોર્ટમાંથી નીકળી ગયા**

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૮

એક જવલ્લે જ બનતી ઘટનામાં ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને ગુજરાત હાઈકોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદી વચ્ચે ચાલુ કોર્ટમાં શબ્દોની તડાફડી થઈ ગઈ હતી અને ત્રિવેદીએ ચીફ જસ્ટીસને લોર્ડ ફ્રાન્સિસ બેકનનું એક કથન યાદ અપાવ્યું હતું જે ’ઓવરસ્પીકીંગ જજ’ વિશે હતું.

વર્ષ ૨૦૧૧માં દાખલ થયેલી એક જાહેર હિતની અરજીની સુનાવણી દરમિયાન શુક્રવારે ચાલુ કોર્ટમાં આવા દશ્યો સર્જાયા હતા અને અંતે બ્રિજેશ ત્રિવેદી કોર્ટ છોડીને ચાલ્યા ગયા હતા.

પ્રખ્યાત લો વેબલાઈટ બાર એન્ડ બેન્ચમાં પ્રકાશિત અહેવાલ મુજબ ત્રિવેદીએ એ વાત ઉપર નારાજગી વ્યક્ત કરી હતી કે, ચીફ જસ્ટીસ તેમની તથા અન્ય સિનિયર વકીલોની દલીલો પૂરી કરવાની તક આપતા નથી.

આ બાબત અવાર નવાર બને છે. દરેક સિનિયર એડવોકેટ અને એડવોકેટ આ બાબત સહન કરે છે. ‘મેં વર્ષ ૨૦૨૩માં લોર્ડ ફ્રાન્સીસ બેકનનાં એક કથનનો ઉપયોગ કર્યો હતો પરંતુ હવે તેનું પુનરોચ્ચાર કરવા માંગતો નથી.

આશા રાખું છું કે, લેડીશીપ (ચીફ જસ્ટીસ) તે યાદ છે. હું ન્યાયાધીશ નથી. તે એક ઓવર સ્પીકીંગ જજ બાબતનું (કથન) હતું,’ એમ ત્રિવેદીએ કોર્ટ કાર્યવાહી દરમિયાન નિવેદન કર્યુ હતું. આ સમગ્ર વિડીયો હાઈકોર્ટની યુ ટ્યુબ ચેનલ ઉપર ઉપબલ્ધ છે.

કેસની સુનાવણી દરમિયાન એકબીજાની વાત અધવચ્ચે રોકવા





બદલ આવી શાબ્દિક ટપાટપી થઈ હતી. ત્રિવેદીને સંબોધન કરતા ચીફ જસ્ટીસ બોલ્યા હતા કે, ‘મને મારી વાત પૂરી કરવા દો. હું કોઈક બાબતે બોલી રહી છું. તમે મને પ્રશ્ન પૂરો કરવા દેતા નથી.’ ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ એવું કહેવા માગતા હતા કે, જો વકીલ પૂરો પ્રશ્ન સાંભળશે તો જ જવાબ આપી શકશે.

આથી ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ‘સારું લેડીશીપ પ્રશ્ન પુછી શકે છે. આ જ રીતે હું પણ કહી શકું છું પરંતુ હું કોઈ મુદ્દો બનાવવા માગતો નથી. મને પણ વાક્ય પૂર્ણ કરવાની તક આપવી જોઈએ.’ તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આ રીતે કોર્ટ દ્વારા પેન્ડીંગ મેટર નક્કી ના થવી જોઈએ. મને મારુ વાક્ય પુરુ કરવાની તક આપવી જોઈએ.

હું પ્રશ્ન સમજી ગયો છે. પરંતુ મારી એ ભૂલ છે અને તેના માટે હું માફી માંગુ છું કે, મને પ્રશ્ન પૂરો થતા પહેલા જ સમજાઈ ગયો હતો. ત્યારબાદ ત્રિવેદીએ આ પીઆઈએલ અન્ય કોર્ટ સમક્ષ મુકવાની માગણી કરી હતી. તેઓ બોલ્યા હતા કે, આ રીતે ચીફ જસ્ટીસ દ્વારા પીઆઈએલ સાંભળી શકાય નહી. ત્યારબાદ ત્રિવેદીએ આ મેટર બે સપ્તાહ પછી સુનાવણી અર્થે રાખવા માટે માગણી કરી હતી.

આ દરમિયાન ચીફ જસ્ટીસે સીલીંગ ઉપર તરફ નજર ફેરવતા તેનો પણ ત્રિવેદીએ વાંધો ઉઠાવ્યો હતો કે, લેડીશીપ આકાશ તરફ ક્યાંક જોઈ રહ્યા છે. આ રીતે મેટર સાંભળવી જોઈએ નહી. છેલ્લા ૬૫ વર્ષમાં આ કોર્ટમાં આવું ક્યારેય બન્યુ નથી. મારી વિનંતી છે કે આ મેટર બે સપ્તાહ માટે મુલતવી રાખે.

દરમિયાન પાછળ બેઠેલા એક વકીલે ત્રિવેદીને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓ અટક્યા નહોતા. છેવટે ચીફ જસ્ટીસ બોલ્યા હતા કે, ‘આ રીતે કોર્ટમાં આવા દશ્યો સર્જવાની વાત ચલાવી લેવાશે નહી. બીજી બાજુ એવું પણ કર્યુ હતું કે કોર્ટ સામે આંગળી ચિંધીને સંબોધન ના કરો. આ રીતે કોર્ટ સાથે વર્તણૂક કરવી જોઈએ નહી.’

આથી ત્રિવેદી બોલ્યા હતા કે, વિડીયો (યુ ટ્યુબમાં સેવ) રહેવાનો છે પરંતુ કોર્ટ પાસે આવી અપેક્ષા રાખી શકાય નહી. ત્યારબાદ ત્રિવેદી કોર્ટમાંથી ચાલ્યા ગયા હતા.

## રેલવે દ્વારા હાઈકોર્ટમાં રીપોર્ટ રજુ

# ગીર અભ્યારણ્યમાં સિંહોની સુરક્ષા માટે ઈન્ટ્રૂઝન ડિવાઈસ લગાવાશે

### સાવજોની મુવમેન્ટ ૨૦૦ મીટર દુરથી જાણી શકાશે

અમદાવાદ,તા.૧૮

સૌરાષ્ટ્રમાં આવેલા ગીરના અભયારણ્ય વિસ્તારમાં સિંહોના રેલવે અકસ્માતમાં થઈ રહેલા અકાળે મોત બાબતે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી સુઓમોટો જાહેર હિતની અરજીની શુક્રવારે થયેલી સુનાવણીમાં રેલ્વે સત્તાવાળાઓ તરફથી સિંહોને બચાવવા અને તેમની સુરક્ષા સંબંધી લેવાયેલા પગલાં અને કામગીરી અંગેનો રિપોર્ટ રજૂ કરાયો હતો.

અહેવાલમાં જણાવવામાં આવ્યું હતુ કે, આ કેસમાં છેલ્લી મુદત બાદ એક પણ સિંહનું ટ્રેન અકસ્માતમાં અકાળે મોત નોંધાયું નથી. રેલ્વે વિભાગ દ્વારા પોતાની કામગીરી અંગે રજૂઆત કરતા જણાવવામાં આવ્યું હતુ કે, ગીર અભયારણ્ય જંગલ વિસ્તારમાં જયાંથી રેલ્વે ટ્રેક પસાર થાય છે તેની બાજુમાં ફાઈબર કેબલ નાંખવામાં આવશે.

આ સિવાય આર્ટિફીશીયલ ઈન્ટેલીજન્સની મદદથી ઈન્ટ્રુઝન ડિવાઈઝ ઈન્સ્ટોલ કરવામાં આવશે. જેનાથી સિંહોની ગતિવિધિ ૨૦૦ મીટર દૂરથી જાણી શકાશે. ગીર અભયારણ્ય ક્ષેત્રની અંદર અને બહાર આ ડિવાઈસ નાંખવામાં આવશે. આ તમામ કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા



**આ સિવાય ગીર અભયારણ્ય વિસ્તારમાંથી પસાર થતી ટ્રેનો માટે વિશેષરૂપે અંડર પાસ પણ ઉભા કરાયા છે તો, આ વિસ્તારમાં ઝાડી ઝાંખરા દૂર કરી સિંહોની સુરક્ષા માટે વિશાળ ફેન્સીંગની કાર્યવાહી પણ હાથ ધરાઇ છે.**

હાથ ધરાઈ છે, જે તા.૧૦મી ફેબ્રુઆરી સુધીમા પૂર્ણ કરી દેવાશે.

આ સિવાય ગીર અભયારણ્ય વિસ્તારમાંથી પસાર થતી ટ્રેનો માટે વિશેષરૂપે અંડર પાસ પણ ઉભા કરાયા છે તો, આ વિસ્તારમાં ઝાડી ઝાંખરા દૂર કરી સિંહોની સુરક્ષા માટે વિશાળ ફેન્સીંગની કાર્યવાહી પણ હાથ ધરાઈ છે.

આ રજૂઆત બાદ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે આ કેસમાં કોર્ટ સહાયક અને રેલ્વે ઓથોરીટીના જવાબને ધ્યાનમાં લીધા બાદ કેસની વધુ સુનાવણી ફેબ્રુઆરી માસમાં મુકરર કરી હતી.

કેસની વિગતો મુજબ હાઈકોર્ટના અગાઉના નિર્દેશો હોવા છતાં ટ્રેનની અડફેટે વધુ બે સિંહોના મોત અને અન્ય બનાવમાં એક સિંહણ અને બે સિંહ બાળના મૃત્યુની ઘટનાને લઈ ચીફ જસ્ટિસે ફોરેસ્ટ અને રેલ્વે સત્તાવાળાઓની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. તેઓ પાસે વિસ્તૃત જવાબ માંગવામાં આવ્યો હતો.

# વલસાડનો ગંભીર બેદરકારીનો કિસ્સો : ડીમાર્ટમાંથી ખરીદેલા અમૂલના શ્રીખંડમાં ફૂગ નીકળતા ગ્રાહકની ફૂડ વિભાગમાં ઘા

વલસાડ,તા.૧૮

વલસાડના વશિયર વિસ્તારમાં ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. અમૂલના મેંગો શ્રીખંડના ગ્રાહકે ખરીદેલા તમામ પેકેટમાંથી ફૂગ મળી આવતાં ખળભળાટ મચી ગયો છે. વલસાડના ગ્રાહકે આ ઘટનાનો વીડિયો પુરાવો લઈને ફૂડ એન્ડ ડ્રગ વિભાગમાં ફરિયાદ નોંધાવી છે.

સ્થાનિક કાપડના વેપારી રતનસિંહ ચૌહાણે ડીમાર્ટ સ્ટોરમાંથી ખરીદેલા અમૂલ મેંગો શ્રીખંડમાં ફૂગ મળી આવતાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગમાં ફરિયાદ નોંધાવી છે, સાથે જ તેણે પુરાવારૂપે વીડિયો આપ્યો છે અને કાર્યવાહીની માગ કરી છે. દીકરીનો ફેવરિટી હતો એટલે પિતાએ મેંગો શ્રીખંડની ખરીદી કરી હતી. ખાવા બેઠા અને જોઈને ચોંકી ગયા હતા.

દીકરી માટે શ્રીખંડ ખરીદ્યો હતો રાજસ્થાનથી એક મહિના બાદ પરત ફરેલા રતનસિંહે શુક્રવારે રાત્રે ડીમાર્ટમાંથી તેમની દીકરી માટે અમૂલ મેંગો શ્રીખંડ સહિત અન્ય કિરાણા સામાન ખરીદ્યો હતો.

ઘરે આવીને જ્યારે શ્રીખંડનું પેકેટ ખોલ્યું ત્યારે તેમાં ફૂગ જોવા મળી હતી. આ પછી તેમણે બીજું પેકેટ તપાસ્યું જેમાં પણ ફૂગ હતી. તરત જ તેઓ ડીમાર્ટ પરત ફર્યા અને ત્યાં રાખેલા તમામ શ્રીખંડના પેકેટ્સમાં ફૂગ હોવાનું જોવા મળ્યું.



**બ્રાન્ડેડ કંપનીની બેદરકારી સામે સવાલો**

સ્ટોર મેનેજરનો યોગ્ય જવાબ ન મળતાં રતનસિંહે વીડિયો પુરાવા સાથે ફૂડ એન્ડ ડ્રગ વિભાગમાં ફરિયાદ નોંધાવી છે. વિભાગના ડિસ્ટ્રિક્ટ ઓફિસર વડવીએ જણાવ્યા મુજબ શનિવારે સવારે સ્થળ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

રતનસિંહે જણાવ્યું કે વર્તમાન વાતાવરણમાં જો કોઈ પરિવારે તપાસ્યા વિના આ શ્રીખંડ ખાધો હોત તો તેની ગંભીર અસર થઈ શકી હોત. ડીમાર્ટ અને અમૂલ જેવી મોટી બ્રાન્ડ્સની આવી બેદરકારી ચિંતાજનક છે.

# જ્ઞાની માણસ દરેક પરિસ્થિતિમાં ખુશ રહે છે કારણ કે તે જાણે છે કે તેને જે મળ્યું તે ક્યારેય મારું નહોતું અને મારાથી જે ખૂટે છે તે પણ મારું નથી..



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ એવી વાત કે જે લગભગ બધાના મનમાં ગડમથલ કરી રહી છે કે આ બાબતે આપણે ચિંતન મનન કરી ખુશ રહીએ.

આપણી ખુશી આપણે કેટલા ધન વાન છીએ તેના પર નથી પરંતુ આપણે કેટલા ધીરજ ધરાવીએ છીએ તેના પર નિર્ભર છે. સુખ કે આનંદ વ્યક્તિની પોતાની માનસિકતા પર આધાર રાખે છે. અસંતુષ્ટ વ્યક્તિ જીવનમાં ક્યારેય સુખ પ્રાપ્ત કરી શકતો નથી. સુખનો અર્થ એ નથી કે કંઈપણ મેળવવું પણ જે છે તેનાથી સંતુષ્ટ થવું.

જીવનમાં ખુશી ત્યારે નથી આવતી જ્યારે આપણે કોઈ વસ્તુ પ્રાપ્ત કરીએ છીએ પરંતુ તે ત્યારે આવે છે જ્યારે સુખ મેળવવાની લાગણી આપણી અંદરથી જતી રહે છે. માણસ સોનાના મહેલમાં પણ નાખુશ રહી શકે છે જો તેની વધુ પ્રાપ્ત કરવાની ઈચ્છા જતી ન હોય અને ઝૂંપડીમાં પણ જો તેની વધુ પ્રાપ્ત કરવાની ઈચ્છા જતી ન હોય તો માણસ અત્યંત ખુશ રહી શકે છે. સુખએ બાહ્ય સંપત્તિ નથી. આંતરિક સંપત્તિ છે.આ સંપત્તિ પૈસા થી નહીં પણ ધીરજથી મળે છે.

આળસ ખૂબ જોખમી છે. કોઈ પણ કાર્ય કરવા માટે શરીરની અસમર્થતા વ્યકત કરવી,તે શારીરિક આળસ છે.કોઈપણ કામ કરતા પહેલાએ વિચારવુંકે આ કામ મારા વશમાં નથી અથવા કોઈપણ કામ કરતા પહેલા જ હાર માની લેવી અને પીછેહઠ કરવી,આ માનસિક આળસ છે.

આ માનસિક આળસને કારણે ઘણા લોકો નાખુશ થઈ જાય છે, નિષ્ફળ જાય છે અને આ નિરાશા ને કારણે ડિપ્રેશનમાં પહોંચી જાય છે. આ માનસિક આળસને દૂર કરવાનો ઉપાય સારો વિચાર, સકારાત્મક વિચાર,ભગવાનની ઉપાસના અને સારા લોકોની સંગત છે.

એક વિચાર માણસની દુનિયા બદલી નાખે છે.જો તે વિચાર શુભ હોય તો તે વ્યક્તિની પોતાની પ્રગતિનું કારણ તો બને જ છે પરંતુ અન્ય લોકોના જીવન માં પણ પરિવર્તન લાવવાની શક્તિ ધરાવે છે. તેથી હંમેશા સારું વિચારો.

જે લોકો પૈસાનો દુરુપયોગ કે દુરુપયોગ કરે છે તેઓ સમજે છે કે તેઓ તેનો નાશ કરી રહ્યા છે. દુનિયા તમને એટલા માટે યાદ કરે છે કારણકે તમારી પાસે મોટા પૈસા છે,પરંતુ



એટલા માટે કે તમારી પાસે મોટું મન છે અને તમે માત્ર પૈસા કમાતા નથી પણ જરૂર પડ્યે તેનો ત્યાગ પણ કરો છો. માત્ર પૈસા કમાવાથી સમાજમાં તમારું મહત્વ વધતું નથી, પરંતુ કમાણી સાથે ડૂબી જવાથી વ્યક્તિ સમાજમાં મૂલ્યવાન અને વિશેષ બને છે.

શાસ્ત્રોમાં પૈસાની ત્રણ હિલચાલ નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉપયોગ,વપરાશ અને વિનાશ. પૈસામાંથી તમે જેટલું ઈચ્છો તેટલું સુખ કમાઓ અને બાકીના પૈસાને સર્જન,સત્કર્મ અને સારા કાર્યોમાં ખર્ચવાની પ્રથા તમારા જીવનમાં બનાવો. જો તમે આ કરી શકતા નથી તો સમજી લો કે તમારી સંપત્તિનો નાશ થવાનો છે. જીવનનું એક સત્ય એ છે કે જે ભેગું થાય છે તે દુઃખ બની જાય છે અને જે વહેંચાય છે તે પ્રસાદ બની જાય છે.

જ્ઞાનને વ્યવહારમાં મૂકવું પણ જરૂરી છે. જે જ્ઞાન વ્યવહારમાં ન આવતું હોય તે કંગાળના પૈસા જેવું હોય છે જે તિજોરીમાં પડેલું હોય છે પણ જરૂરિયાતો પૂરી કરવામાં ક્યારેય મદદ કરતું નથી. જ્ઞાની અને સંસારી માણસમાં ફરક એ છેકે જ્ઞાની માણસ મરતી વખતે પણ હસે છે અને સંસારી માણસ જીવતી વખતે પણ મરી જાય છે. જ્ઞાન કેવી રીતે હસવું તે શીખવતું નથી, તે ફક્ત રડવાના કારણોને દૂર કરે છે.

જ્ઞાની માણસ દરેક પરિસ્થિતિમાં ખુશ રહે છે કારણ કે તે જાણે છે કે તેને જે મળ્યું તે ક્યારેય મારું નહોતું અને મારાથી જે ખૂટે છે તે પણ મારું નથી.સમજદાર વ્યક્તિ આ વાતને મનમાંથી સ્વીકારે છે કે પરિવર્તન કુદરતનો નિયમ છે. દુન્યવી વ્યક્તિ રડે છે કારણ કે તેની માન્યતા પ્રમાણે તેને જે મળ્યું છે તે તેનું હતું અને તેના બળ પર મળ્યું છે. જે ખૂટે છે, તે હંમેશા તેના પર પોતાનો અધિકાર માની લે છે.અશાંત રહેવાનું આ જ કારણ છે.જ્ઞાનમાં જીવો, મૂર્ખતા માં નહીં જેથી તમે દરેક પરિસ્થિતિમાં ખુશ રહીને સુખી જીવન જીવી શકો.

તમે તમારા પોતાના લોકોને હરાવી ને ક્યારેય જીતી શકતા નથી, તમે તમારા પોતાના લોકોથી હારીને જ જીતી શકો છો.જે ભાંગી પડેલાને કેવી રીતે સુધારવું અને ગુસ્સાને સાંત્વના આપવી તે જાણે છે તે જ જ્ઞાની છે.વર્તમાન સમયમાં પરિવારોની સ્થિતિ ચોક્કસપણે ચિંતાનો વિષય છે.

આજે ઘરે બધા કહેવા તૈયાર છે પણ કોઈ સાંભળવા તૈયાર નથી. સંબંધોને મજબૂત કરવા માટે માત્ર કહેવાની જ નહીં, સાંભળવાની પણ આદત કેળવવી પડશે. પોતાને સાચા સાબિત કરવા કરતાં પરિવારની ખુશીઓ જાળવવી વધુ મહત્વપૂર્ણ છે. આજે ઘરમાં હોય કે બહાર દરેક વ્યક્તિ અધિકારની વાત કરે છે પણ ફરજની વાત કોઈ કરતું નથી તમે તમારી ફરજ બજાવો, પુરસ્કારની શોધ ન કરો. જીવનની સુંદરતાએ નથી કે તમે કેટલા ખુશ છો,પરંતુ તમે કેટલા ખુશ છો. જીવનમાં હંમેશા અનુકૂળ પરિસ્થિતિઓ હોવી શક્ય નથી, તેથી જેઓ પ્રતિકૂળતાઓને અનુકૂળમાં પરિવર્તિત કરે છે તેઓ જ જીવનનો સાચો આનંદ માણી શકે છે.વિશ્વમાં કોઈ પણ ધ્યેય વ્યક્તિના સંકલ્પથી મોટું નથી.

પ્રતિકૂળતાઓ આપણા માર્ગમાં એટલા અવરોધો નથી બનતી જેટલી આપણે આપણા પોતાના માર્ગમાં અવરોધો ઉભી કરીએ છીએ.જો જીવન હશે તો સમસ્યાઓ ચોક્કસ ઊભી થશે કારણ કે દરેક ક્ષણે પરિવર્તન એ જીવનનો સ્વભાવ છે. સમસ્યા રજૂ થાય તે પહેલાં જ તેનાથી ડરવું વ્યક્તિને અતાર્કિક બનાવે છે અને તેની નિર્ણય લેવાની ક્ષમતાને અસર કરે છે.

દરેક પરિસ્થિતિનો આનંદપૂર્વક સામનો કરતા શીખો.દરેક અવરોધનો આનંદ સાથે, શાંત ચિત્તે અને પ્રભુમાં વિશ્વાસ રાખીને સામનો કરો.તમારી પાસે ઉકેલ છે, તમે માત્ર હિંમત હારી રહ્યા છો. યાદ રાખો કે સમસ્યા પીછે હઠ કરીને નહીં પરંતુ તેનો સામનો કરીને હલ થશે.

વાચક ચાહક મિત્રો, ભગવદ્ ગીતા જ્ઞાન ચિંતનમાં આપણે જીવનમાં ઉપયોગી એવી કેટલીક વાતો લઈએ છીએ કે મને અને તમને હદય મનમાં એક સુંદર દિવ્ય જયોત પ્રગટાવે જે એકમેક માટે પ્રેરણારૂપ બની રહે તેવી આશા સહ અસ્તુ.

## મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવમાં વિવિધ કલાકારોએ કલાની પ્રસ્તુતિ કરી

# અમારા અહોભાગ્ય ઉત્તરાર્ધ મહોત્સવમાં અમારી કૃતિ પ્રસ્તુત કરવાની તક મળી:શીતલ મકવાણા

## ભવ્ય સૂર્યમંદિર ખાતે મોહિનીઅટ્ટમ પ્રસ્તુત કરવાનો અમને ખૂબ આનંદ થયો : એશ્વર્યા વારીયર







(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવમાં વિવિધ કલાકારોએ કલાની પ્રસ્તુતિ કરી હતી અને આ સ્ટેજ પર પોતાની કૃતિ પ્રસ્તુત થવાનો કલાકારોએ અહોભાવ વ્યક્ત કર્યો હતો. ત્યારે અમદાવાદના ભરતનાટ્યમના નૃત્યાંગના શીતલ મકવાણા જણાવે છે કે ઉત્તરાર્ધ મહોત્સવમાં અમે સૂર્યમંદિર મોઢેરા ખાતે સરસ ગણેશ સ્તુતિ, સુર્યાષ્ટકમ અને દશાવતારની કૃતિ પ્રસ્તુત કરી હતી. મને અને અમારી ટીમને આવા સુંદર સ્ટેજ પર કૃતિ પ્રસ્તુત કરવાની તક આપી તે બદલ અમે યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કરીએ છીએ. વધુમાં તેમણે કહ્યું કે દરેક કલાકારની અદમ્ય ઈચ્છા હોય છે કે તેઓ સૂર્યમંદિર મોઢેરા ખાતે ઉત્તરાર્ધ મહોત્સવમાં આવીને પોતાની કલા પ્રસ્તુત કરે ત્યારે આજે અમારું અહોભાગ્ય છે કે આજે અમને અહીંયા અમારી કૃતિ પ્રસ્તુત કરવાની તક મળી.

વડોદરાના મોહિનીઅટ્ટમ નૃત્યના નૃત્યાંગના એશ્વર્યા વારીયર જણાવે છે કે આજે આ ભવ્ય સૂર્યમંદિર ખાતે મોહિનીઅટ્ટમ પ્રસ્તુત કરવાનો અમને ખૂબ આનંદ થયો. નૃત્યની સાધના કરનાર માટે આ ઉત્તરાર્ધ મહોત્સવ બહુ મોટો અવસર છે. અમારી કલા ભગવાન સૂર્ય સમક્ષ પ્રસ્તુત કરવાની જે તક મળી એ અમારું સૌભાગ્ય છે અને અહીં દર વર્ષે કલાકારોને પોતાની કલા પ્રસ્તુત કરવાની સોનેરી તક મળી રહી છે.

વધુમાં તેઓ કહે છે કે આ ઉત્સવમાં અનેક કલા રસિકો કલા માણવા માટે અહીં આવે છે અને દિગ્ગજ કલાકારો વિવિધ શાસ્ત્રીય નૃત્ય પ્રસ્તુત કરે છે.

## દર્શનાર્થે આવેલા ભક્તો અને સ્થાનિક લોકોમાં અફરા તફરી મચી ગઈ

# કડીના જાસલપુર ગામના તળાવ કિનારે આવેલ બીએસએનએલ ટાવરના કેબીનમાં આગ ભૂભૂકી

(ગરવી તાકાત) કડી તા.૧૯

કડી તાલુકાના જાસલપુર ગામમાં રવિવારે સવારે એક મોટી દુર્ઘટના સામે આવી હતી. ગામના તળાવ કિનારે આવેલા BSNL મોબાઈલ ટાવરની બાજુમાં સ્થિત ઈલેક્ટ્રોનિક કેબિનમાં અચાનક આગ લાગી હતી.

આ સમયે મેલડી માતાજીના મંદિરે દર્શન માટે આવેલા ભક્તો અને સ્થાનિક લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી.



ગ્રામજનોએ તાત્કાલિક કડી નગરપાલિકાના ફાયર સ્ટેશનને જાણ કરી હતી. ફાયર બ્રિગેડની ટીમ તુરંત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગની ઘટનામાં કેબિન સંપૂર્ણપણે બળીને ખાક થઈ ગયું હતું અને આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા.

સદ્નસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. સ્થાનિક તંત્ર દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ ઘટનાથી આસપાસના વિસ્તારમાં મોબાઈલ સેવાઓ પર અસર પડી શકે છે.

## બાવીસી કડવા પાટીદાર સમાજનો ૨૫મો સમૂહ લગ્નોત્સવ યોજાયો

# વિસનગરના કુવાસણા ઉમા સંસ્કાર તીર્થ ખાતે યોજાયેલ સમૂહલગ્નોત્સવમાં ૩૫ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

વિસનગર તાલુકાના કુવાસણા ગામની ઉમા સંસ્કાર તીર્થ ખાતે શ્રી બાવીસી કડવા પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટના ૨૫મા સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. રજત જયંતી વર્ષની ઉજવણી નિમિત્તે યોજાયેલા આ સમારોહમાં ૩૫ યુગલએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા.



સમારોહમાં ગુજરાત રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, વિજાપુર ધારાસભ્ય ડો. સી.જે.ચાવડા અને રાજુભાઈ પટેલ (આર.કે) સહિતના મહાનુભાવોએ હાજરી આપી નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા.

શ્રી બાવીસી કડવા પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટે ૨૫ વર્ષ પહેલાં સમાજમાં બિનજરૂરી ખર્ચ ઘટાડવા અને આરોગ્ય તેમજ શિક્ષણ પાછળ વધુ ધ્યાન આપવાના ઉદ્દેશથી સમૂહ લગ્નની પ્રથા શરૂ કરી હતી. અન્ય સમાજોમાં સમૂહ લગ્નનું પ્રમાણ ઘટી રહ્યું છે, ત્યારે બાવીસી સમાજમાં તેનું વલણ વધી રહ્યું છે.

આ પ્રસંગે સમાજના દાતાઓએ નવદંપતીઓને આર્થિક સહાય આપી હતી અને ટ્રસ્ટ દ્વારા દાતાઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સમાજના મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. છેલ્લા ૨૪ વર્ષથી નિયમિત યોજાતા આ સમૂહ લગ્નોત્સવે સમાજમાં એક નવી દિશા આપી છે.

## અંબાજી મંદિરમાં નડિયાદના નિવૃત્ત શિક્ષક દંપતીનું સોનાનું દાન

# ૧૦૦ ગ્રામ વજનનો સોનાનો હાર માતાજીને અર્પણ, જેની કિંમત ૭.૬૫ લાખ રૂપિયા



**મંદિર ટ્રસ્ટના સૂત્રોના જણાવ્યા અનુસાર, આવાભક્તિભાવપૂર્ણ દાન મંદિરની સેવા અને સમાજ કલ્યાણના કાર્યોમાં ઉપયોગી બને છે**

(ગરવી તાકાત) અંબાજી તા.૧૯

અંબાજી મંદિર, જે શક્તિ, ભક્તિ અને આસ્થાનું ત્રિવેણી સંગમ ગણાય છે, ત્યાં આજે નડિયાદના નિવૃત્ત શિક્ષક દંપતીએ મા અંબાને મૂલ્યવાન ભેટ અર્પણ કરી છે. દંપતીએ ૧૦૦ ગ્રામ વજનનો સોનાનો હાર, જેની કિંમત ૭ લાખ ૬૫ હજાર ૪૪૦ રૂપિયા છે, તે માતાજીના ચરણોમાં ધરી દીધો છે.

દેશ-વિદેશમાં વિખ્યાત અંબાજી મંદિરમાં દરરોજ હજારો માઈભક્તો દર્શનાર્થે આવે છે. ભક્તો માત્ર દર્શન જ નહીં, પરંતુ પોતાની શ્રદ્ધા અનુસાર સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમનું દાન પણ કરતા હોય છે. મંદિરમાં સોના-ચાંદીના દાનનો પ્રવાહ અવિરત ચાલુ રહે છે.

નિવૃત્ત શિક્ષક દંપતીએ માતાજીને હાર અર્પણ કર્યા બાદ માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. આ ઘટના અંબાજી મંદિર પ્રત્યે લોકોની અતૂટ શ્રદ્ધા અને ભક્તિનું ઉત્તમ ઉદાહરણ છે. મંદિર ટ્રસ્ટના સૂત્રોના જણાવ્યા અનુસાર, આવા ભક્તિભાવપૂર્ણ દાન મંદિરની સેવા અને સમાજ કલ્યાણના કાર્યોમાં ઉપયોગી બને છે.

## થરાદમાં દારૂની મોટી હેરાફેરી ઝડપાઈ

# બોલેરો પિકઅપમાંથી ૫.૫૧ લાખનો વિદેશી દારૂ જપ્ત, રાજસ્થાનના બે બુટલેગર ઝડપાયા



(ગરવી તાકાત) પાલનપુર તા.૧૯

બનાસકાંઠા એલસીબી પોલીસે થરાદ ચાર રસ્તા પાસેથી વિદેશી દારૂની મોટી ખેપ ઝડપી પાડી છે. પોલીસે બોલેરો પિકઅપ ગાડીમાંથી ૫.૫૧ લાખની કિંમતની ૧૪૯૩ બોટલ વિદેશી દારૂ સાથે રાજસ્થાનના બે બુટલેગરને પકડ્યા છે.

પોલીસને મળેલી બાતમીના આધારે થરાદ ચાર રસ્તા પાસે વોચ ગોઠવવામાં આવી હતી. રાજસ્થાન તરફથી આવી રહેલી શંકાસ્પદ બોલેરો પિકઅપ (પ્લ૦૪છ્૫૯૬૬)ને રોકીને તપાસ કરતાં તેમાંથી મોટા જથ્થામાં વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે વાહનમાંથી ઓખારામ મેસાજી દેવાસી (રહે. કારોલા, સાંચોર) અને જોધારામ રામાજી દેવાસી (રહે. પાલડી, સાંચોર)ને ઝડપી પાડ્યા હતા.

પોલીસે દારૂની બોટલો ઉપરાંત ૫ લાખની કિંમતની બોલેરો પિકઅપ અને ૫ હજારનો મોબાઈલ મળી કુલ ૧૦.૫૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં પુખરાજ કિશનલાલ વિશ્નોઈ (રહે. મનમોહન હોસ્પિટલની સામે, સાંચોર) નામનો એક આરોપી હજુ ફરાર છે. થરાદ પોલીસે આ મામલે ગુજરાત પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## લક્ઝરીમાં પિસ્તોલ અને ૮ કારતૂસ સાથે એક શખસ પકડાયો

# અમીરગઢ ચેકપોસ્ટ પર વાહનચેકિંગમાં હાથ લાગ્યો, MPના સુરજસિંહ પાસે કચ્છના શખસે દેશી હથિયાર મંગાવ્યું હતું



બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ પર પોલીસે કરેલી કામગીરીમાં એક મોટી સફળતા મળી છે.

પોલીસે વાહન ચેકિંગ દરમિયાન એક લક્ઝરી બસમાંથી દેશી બનાવટની પિસ્તોલ અને ૮ જીવતા કારતૂસ સાથે એક શખસની ધરપકડ કરી છે.

આ કામગીરી પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા અને પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. મદદનીશ પોલીસ અધિક્ષક સુમન નાલાની દેખરેખમાં અમીરગઢ પોલીસે બોર્ડર ચેકપોસ્ટ પર વાહનોનું ચેકિંગ હાથ ધર્યું હતું.

તપાસમાં સામે આવ્યું કે આ હથિયાર મધ્યપ્રદેશના મંદસોર જિલ્લાના બનગડ ગામના સુરજસિંહ પાસેથી મેળવવામાં આવ્યું હતું અને કચ્છના અંજારના ગુલામભાઈએ તેની માંગણી કરી હતી. પોલીસે આ મામલે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ કામગીરી વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા અને આવા ગેરકાયદે પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવાના પોલીસના વિશેષ અભિયાનનો એક ભાગ છે. પોલીસે આ કેસમાં વધુ તપાસ શરૂ કરી છે

# સંક્ષિપ્ત સમાચાર

## બનાસકાંઠામાં મહિલા સશક્તિકરણનો અનોખો પ્રયાસ

### ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ અને મહિલાઓએ 'સશક્ત રામાણી' કાર્યક્રમમાં લીધો ભાગ



(ગરવી તાકાત) પાલનપુર તા.૧૯

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના ચિત્રાસણી ગામમાં મહિલા સશક્તિકરણની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. ડિજીગાંવ ફાઉન્ડેશન અને કચ્છ રેલ્વે કંપનીના સંયુક્ત ઉપક્રમે બાલારામ સઘન ક્ષેત્ર સમિતી શાળામાં ×સશક્ત રામાણી× કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૧૦૧૦ વિદ્યાર્થીનીઓ અને ગામની મહિલાઓએ ભાગ લીધો હતો, જેમાં માસિક સ્વચ્છતા, આયર્નની ઉણપ અને માનસિક સ્વાસ્થ્ય જેવા મહત્વના વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત લાભાર્થીઓને સેનિટરી પેડ્સ અને મલ્ટી વિટામિન્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. ચિત્રાસણીના સરપંચ શ્રીમતી રાજીબેન અને ચેરમેન બારડ સહિત શાળાનો સમગ્ર સ્ટાફ પણ આ કાર્યક્રમમાં જોડાયો હતો.

ડિજીગાંવ ફાઉન્ડેશનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મોનિષા દાસે જણાવ્યું કે આ કાર્યક્રમ ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણ માટેની તેમની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. ફાઉન્ડેશને અગાઉ પાલનપુર અને વડગામની શાળાઓમાં પણ આવા કાર્યક્રમો યોજ્યા હતા અને આગામી સમયમાં વધુ ગામો અને શાળાઓમાં આવા જાગૃતિ કાર્યક્રમો યોજવાની યોજના છે. આ પહેલ ગ્રામીણ મહિલાઓના સર્વાંગી વિકાસ માટે એક મહત્વપૂર્ણ કદમ સાબિત થશે.

## પાલનપુરમાં ૪૪૮ દીકરીઓનું પૂજન કરી કાગળ ઉપર પગલાંની છાપ લેવાઈ



(ગરવી તાકાત) પાલનપુર તા.૧૯

દીકરીઓમાં રહેલા દૈવી સ્ત્રીત્વને આદર સન્માન મળી રહે એવી શુભ સંકલ્પના સાથે બનાસકાંઠા જિલ્લામાં સૌપ્રથમવાર પાલનપુરની સ્વસ્તિક શૈક્ષણિક સંકુલે એક નવી પહેલ કરી હતી. જ્યાં શૈક્ષણિક સંકુલના બાલ મંદિર વિભાગ થી લઈ મહિલા કોલેજ વિભાગ સુધીની ૪૪૮ દીકરીઓનું પુજન કરાયું હતુ. તમામ દીકરીઓના ચરણને કુમકુમ, અક્ષત સહિત પુષ્પ સાથે જળથી પવિત્ર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ૨૭૮ માતા- પિતાઓએ પોતાની આ વ્હાલી દીકરીઓની પૂજા વિધિ કરી, દિકરીઓના પગલાંની કાગળ પર કુમકુમ છાપ પાડી, આરતી ઉતારી અને દીકરીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે સંકુલના પ્રમુખ રમેશભાઈ પટેલ, માણીભદ્રવીર મગરવાડાના મહંત વિજય સોમ મહારાજ, આર.એસ.એસ.ધર્મ જાગરણ વિભાગના સંકલનકાર ગજાનંદભાઈ જોશી, ડૉ.મનીષાબેન નાઈ, જીગ્નેશભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા.

## ઉત્તરાર્ધ મહોત્સવમાં ઓડિસી નૃત્ય પ્રસ્તુત કરવાનો આનંદ વ્યક્ત કરતા દિલ્હીના ઓડિસી નૃત્ય કલાકાર વાણી માધવ



મહેસાણા જિલ્લાના મોઢેરા સૂર્યમંદિર ખાતે રાજ્ય સરકાર દ્વારા ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.. આ મહોત્સવમાં દેશના વિવિધ કલાકારોએ પોતાની કલા પ્રસ્તુત કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.જેમાં દિલ્હીના ઓડિસી નૃત્યના કલાકાર વાણી માધવે ઓડીસી નૃત્ય પ્રસ્તુત કર્યું હતું.

ઉત્તરાર્ધ મહોત્સવમાં ઓડિસી નૃત્ય પ્રસ્તુત કરવાનો આનંદ વ્યક્ત કરતા નવી દિલ્હીના વાણી માધવ જણાવે છે કે અમે નવી દિલ્હીથી અહીંયા ગુજરાતના મોઢેરા ખાતે ઓડિસી નૃત્ય પ્રસ્તુત કરવા માટે આવ્યા છીએ. અહીંયા ઓડીસી નૃત્ય પ્રસ્તુત કરીને અમને અને અમારી ટીમને ખુબ સારું લાગી રહ્યું છે. અમને અહીંનું ઓડિયન્સ જોઈને ઓડીસી નૃત્ય પર્ફોર્મ કરવાની ખૂબ મજા આવી અને તંત્ર દ્વારા પણ ખૂબ સારી વ્યવસ્થા કરવામાં આવી હતી. અમને ઉત્તરાર્ધ મહોત્સવમાં ઓડિસી નૃત્ય પ્રસ્તુત કરવાનો મોકો મળ્યો તે માટે અમે ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કરીએ છીએ આગામી સમયમાં પણ આવા કાર્યક્રમોનું આયોજન કરીને અમને અમારી કલા પ્રસ્તુત કરવાની તક મળે તેવી પણ તેમણે આશા પણ વ્યક્ત કરી હતી.

Volume : 10 Issue : 289 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002